અપીલ અરજી નં.૨૪૩ તા .૩–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન દેસાઈ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન દેસાઈની તા.૨૭–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા.ના કમિશ્નરને તા. ૨૯–૯–૨૦૧૦ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ. આ અરજીના અનુસંધાનમાં હાઈડ્રોલીક વિભાગ તરફથી શું શું તપાસ કરાવવામાં આવી તેમજ શું નિર્ણય કરવામાં આવ્યો તેની સર્ટીફાઈડ નકલ ફાળવવી તેમજ રેકોર્ડ મેન્યુલ આધારીત માહિતી આપો વિ.મુદ્દા નં. (૧)થી (૨) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૪૩/૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન દેસાઈની તા.૨૭–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા.ના કમિશ્નરને તા. ૨૯–૯–૨૦૧૦ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ. આ અરજીના અનુસંધાનમાં હાઈડ્રોલીક વિભાગ તરફથી શું શું તપાસ કરાવવામાં આવી તેમજ શું નિર્ણય કરવામાં આવ્યો તેની સર્ટીફાઈડ નકલ ફાળવવી તેમજ રેકોર્ડ મેન્યુલ આધારીત માહિતી આપો વિ.મુદ્દા નં. (૧)થી (૨) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૬ તા.૭–૯–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક) તથા અરજદારને અપીલ દરમ્યાન પ્રત્યુત્તર મળેલ હોય તો ત્યાર બાદ નારાજગી અંગેની વિગતો રજુ કરવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એચ.ડબલ્યુ.ડબલ્યુ/આ.નં.૧૦૫૨ તા.૯–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારની તા.૨૯–૯–૧૦ ની મ્યુ. કમિ.શ્રીને કરેલ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૬૬૭ તા.૨૮–૭–૧૧ થી કાર્યપાલક ઈજનેર (હાઈડ્રોલીક)ને અરજી તબદીલ કરેલ પત્રની નકલ, હાઈડ્રોલીક તરફથી એચઈડી/ આ.નં.૧૮૨૬ તા.૧૪–૯–૧૧ ના પત્રથી એચ.ડબલ્યુ.ડબલ્યુ/૧૦૫૨ તા. ૯–૯–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૨–૯–૧૧ના પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૭–૭–૧૧ ની અરજીથી તા.૨૯–૯–૧૧ ના રોજ વરાછા વોટર વર્કસ ખાતે જનરેટર મુકવા બાબતે પાઠવેલ પત્ર અંગે લેવાયેલ નિર્ણય અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૬૬૭ તા.૨૮–૭–૧૧ થી કાર્યપાલક ઈજનેર (હાઈડ્રોલીક) ને અરજી તબદીલ કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ ન મળવાથી તા.૩–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં માહિતી મળ્યેથી અપીલના આધારો રજૂ કરીશ તેવું જણાવેલ. જે અંગે અત્રેથી આરટીઆઈ સેલ/૭૫૬ તા.૭–૯–૧૧ ના રોજ બંને પક્ષકારો પાસેથી વિગતો મંગાવવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. એચ.ડબલ્યુ.ડબલ્યુ/૧૦૫૨ તા. ૯–૯–૧૧ થી સમય અવધિ બાદ અપીલ તબકકે અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે તેમના તા.૧૨–૯–૧૧ ના પૂરક પત્રમાં માહિતી નહીં મળ્યાથી નારાજગી વ્યકત કરી શકેલ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા.ના કમિશ્નરને તા. ૨૯–૯–૨૦૧૦ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ. આ અરજીના અનુસંધાનમાં હાઈડ્રોલીક વિભાગ તરફથી શું શું તપાસ કરાવવામાં આવી તેમજ શું નિર્ણય કરવામાં આવ્યો તેની સર્ટીફાઈડ નકલ ફાળવવી તેમજ રેકોર્ડ મેન્યુઅલ આધારીત માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાના તમામ વોટર વર્કસ પર ડયુઅલ પાવર સાથે વિજ પુરવઠાની ઉપલબ્ધતા હોય જનરેટર ખરીદવાની જરૂર નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ સુમપાના કમિ.શ્રીને તા.૨૯–૯–૧૦ ના રોજ જે અરજી કરવામાં આવેલ તેના અનુસંધાનમાં હાઈડ્રોલીક વિભાગ તરફથી સ્થા. સમિતિમાં શું શું ભલામણ કરી. કરદાતાને સુવિધા માટે તેની નકલ ફાળવવા તેમજ રેકર્ડ આધારીત માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૯–૯–૧૦ ના પત્રમાં ફકત સૂચન જણાવેલ હોય ખાતાએ ઉકત સૂચનની ગુણાત્મક મુલ્યાંકન તેમજ ખાતાની જરૂરીયાતને આધારે કાર્યવાહી કરવાની ઉચિત જણાયેલ નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને તેમની માંગવામાં આવેલી માહિતી પૂરી પાડવામાં આવેલ છે તેથી અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૭–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારને માહિતીની નકલ મળી ન હોવાની રજૂઆતને ધ્યાને લઈ અરજદારને પુનઃ ચકાસણી તક આપવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક ) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,